PA-01

# 2 બીરબલની ચતુરાઈ

**ચર્ચાના મુદ્દા :**

- બાળકોની બુદ્ધિ શક્તિનો વિકાસ થાય
- રાજા ના સમયની પરંપરાથી પરિચિત થાય
- ફળોના રાજાનું સ્વાગત કેવી રીતે કરશો ?

એક દિવસ બાદશાહ અકબર બધા દરબારીઓ પર અતિ પ્રસન્ન થયા અને વિશેષ ભોજન સભારંભનું આયોજન કર્યું. બધા દરબારીઓ બાદશાહના આમંત્રણને સ્વીકારીને નક્કી કરેલા સમય પર ભોજન કરવા માટે આવ્યા. સ્વાદિષ્ટ વાનગીઓના રસથાળ દરબારીઓને પીરસવામાં આવ્યા અને બધી વાનગીઓનો સ્વાદ દરબારીઓ માણી રહ્યા હતા.

3 GOOD HEALTH AND WELL-BEING



# અભ્યાસ

## શબ્દાર્થ (Word meaning).

| | |
|---|---|
| ગુસ્સો | - ક્રોધ (Angry) |
| હોશિયાર | - ચતુર, બુદ્ધિમાન (Clever) |
| આદેશ | - આજ્ઞા (Order) |
| કિંમતી | - મૂલ્યવાન, મોંઘું (Costly) |

## સ્વાધ્યાય

### મૌખિક

Oral expression

**1. પ્રશ્નોત્તર (Question / Answer) :**

(૧) દરબારીઓ માટે ભોજન સભારંભ કોણે રાખ્યો હતો ?

(૨) બાદશાહ અકબર કોને પ્રેમથી જમાડી રહ્યા હતા ?

(૩) સેવક થાળીમાં શું લઈને આવ્યો ?

### લેખિત

Written expression

**1. પ્રશ્નોત્તર (Question / Answer) :**

(૧) બાદશાહ અકબર કેમ બીરબલથી નારાજ થયા હતા?

(૨) બાદશાહની સવારી આવે ત્યારે લોકો કેવી રીતે અભિવાદન કરે છે ?

(૩) બાદશાહ અકબર બીરબલને કઈ ભેટ આપે છે ?

**2. નીચે આપેલ ખાલી જગ્યા પૂરો(Fill in the Blanks) :**

(૧) દરબારીઓ..ભોજન નો સ્વાદ માણી રહ્યા હતા.

(૨) બીરબલે...કેરી... ની ચીરીઓ ખાધી હતી.

(૩) બાદશાહ અકબરે સેવક પાસે કેરીની.ટોપલી. મંગાવી.

## 3. વિરોધી શબ્દો (Opposite words)

| | | |
|---|---|---|
| સ્વાદ | × | બેસ્વાદ |
| પ્રેમ | × | નફરત |
| હોંશિયાર | × | ઠોઠ |
| ખુશ | × | નાખુશ |

## 4. નીચે આપેલા વિધાન ખરા છે કે ખોટા તે જણાવો. (True or False)

(૧) બીરબલે પેટ ભરીને ભોજન કર્યું હતું. ✓

(૨) બીરબલનું મન ગુલાબજાંબુને જોઈને લલચાઈ ગયું. ✗

(૩) સેવક પાસે બાદશાહે સફરજનનો ટોપલો મંગાવ્યો હતો. ✗

## 5. નીચે આપેલ શબ્દો પરથી વાક્ય બનાવો.

૧. દાળ –ભાત    ૨. આકાશ    ૩. વીજળી    ૪. કપડાં

## વિષય સંવર્ધન પ્રવૃત્તિઓ (Creative Activities)

- વર્ગમાં વિદ્યાર્થીઓ પોતાનું પ્રિય ફળ લઈને આવે અને તેના વિશે પાંચ વાક્ય બોલશે.
- પોતાની નોટબુકમાં કોઈ પણ પાંચ ફળના નામ સાથે ચિત્ર દોરશે અને તેમાં રંગ ભરશે.